મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાંહેધરી યોજના (મનરેગા) સાથે કન્વર્ઝન્સથી આંગણવાડીના મકાનો બનાવવાની યોજના

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૧૩/બ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૨/૧૨/૨૦૧૯

વંચાણે લીધા:

૧.મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક આઈસીડી-૧૧૨૦૧૮-૧૩-બ, તા.૧૬/૧૦/૧૮

**સુધારા ઠરાવ:-**

આમુખ-૧માં દર્શાવેલ ઠરાવથી આંગણવાડી કેન્દ્રના બાંધકામ માટે યુનિટ કોસ્ટ અંગેના મુદ્દા નં. ૧ થી ૧૫ પૈકી મુદ્દા નં.૨,૩,૭,૮,૧૧ અને ૧૪.૧ આથી રદ કરી તેની જગ્યાએ નીચે મુજબનો સુધારો કરી તેનો અમલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૨) સદર રૂ.૭.૦૦ લાખની મહતમ યુનિટ કોષ્ટમાં મનરેગા યોજના હેઠળ રૂ.૫.૦૦ લાખ, રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના રૂ.૧.૦૦ લાખ અને ભારત સરકારના રૂ.૧.૦૦ લાખનો ફાળો રહેશે.

(૩) ઉક્ત વિગતે ગ્રામ પંચાયતને આર્થિક ભારણ સહન ન કરવું પડે તે માટે મહિલા અને બાળ વિકાસ વિભાગની સમાનઅંકી ફાઈલ પર નાણા વિભાગની તા.૦૮/૦૫/૨૦૧૮ની મંજુરીથી આંગણવાડી કેન્દ્ર દીઠ રાજ્ય સરકારની ફાળાની રકમ રૂ.૧.૦૦ લાખ એડવાન્સ સ્વરૂપે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીના PLA ખાતામાં ફાળવવામાં આવશે.

(૭) આંગણવાડી કેંદ્રોના બાંધકામમાં મનરેગા યોજના હેઠળ અંદાજીત ખર્ચ પૈકી રૂ.૫.૦૦ લાખ સુધીનો ખર્ચ આંગણવાડીના સુપર સ્ટ્રકચર બાંધકામ પાછળ મનરેગા યોજનામાંથી કરવો તેમ જ બાકીની રકમ રૂ.૨.૦૦ લાખમાંથી ફ્લોરીંગ, પેઇંટીંગ, પ્લબીંગ, ઇલેકટ્રીફિકેશન અને વુડવર્કની વિગેરે જેવી કામગીરી માટે ખર્ચ કરવાનો રહેશે.

(૮) આંગણવાડી કેન્દ્રોના બાંધકામની કુલ અંદાજીત રકમ રૂ.૭.૦૦ લાખ પૈકી રૂ.૫.૦૦ લાખનો ખર્ચ મનરેગામાંથી કરવાનો રહેશે. આ ઉપરાંત બાકીની રકમ રૂ.૨.૦૦ લાખ પૈકી રૂ.૧.૦૦ લાખ રાજ્ય સરકાર તરફથી + રૂ.૧.૦૦ લાખ કેન્દ્ર સરકાર તરફથી કરવાની રહેશે. રાજ્ય સરકારનાં ફાળાના રૂ.૧.૦૦ લાખ પ્રાથમિકતાના ધોરણે આંગણવાડી કેન્દ્રના બાંધકામની શરૂઆત પહેલા સંબધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીનાં PLA ખાતામાં ફાળવવામાં આવશે. તેમજ ભારત સરકારશ્રીના ફાળાના રૂ.૧.૦૦ લાખ આંગણવાડી કેન્દ્રના બાંધકામ પૂર્ણ થયેથી ફાળવવામાં આવશે. પરંતુ ભારત સરકારશ્રીના ફાળાના રૂ.૧.૦૦

Scanned with CamScanner

લાખ ફાળવવામાં વિલંબ જણાશે તો રાજ્ય સરકારશ્રીના ભંડોળમાંથી રૂ.૧.૦૦ લાખ ફાળવવામાં આવશે તેમજ જ્યારે ભારત સરકારશ્રી દ્વારા રૂ.૧.૦૦ લાખ પ્રતિ આંગણવાડી કેન્દ્ર પેટે ફાળવવામાં આવશે ત્યારે ભરપાઈ (Recoup) કરવા માટે જરૂરી કાર્યવાહી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવશે.

(૧૧) આંગણવાડી કેંદ્રના બાંધકામના મનરેગા સિવાયની રકમ રૂ.૨.૦૦ લાખ ( રૂ.૧.૦૦ લાખ રાજ્ય સરકાર તરફથી + રૂ.૧.૦૦ લાખ કેંદ્ર સરકાર તરફથી ) ના હિસાબો તાલુકા કક્ષાએ અલગથી નિભાવવાના રહેશે. આ ગ્રાંટને મનરેગા ખાતામાં જમા કરાવવાની રહેશે નહીં.

(૧૪) મનરેગા હેઠળ બનાવવાના થતા આંગણવાડીના મકાનો માટે મનરેગાની વખતોવખત સુધારાયેલી જોગવાઇઓ મુજબ અમલ કરવાનો રહેશે. જેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

૧૪.૧ આંગણવાડીના કેન્દ્ર માટે અંદાજીત ખર્ચ પૈકી રૂ.૫.૦૦ લાખ સુધીનો ખર્ચ મનરેગા યોજનામાંથી કરવાનો રહેશે.

આમુખ-૧ની અન્ય જોગવાઇ અને શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૩/૦૭/૨૦૧૯ અને સરકારશ્રીની તા.૦૪/૦૯/૧૯ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

૨/૧૨/૧૯

સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ગુજરાત રાજય

નકલ રવાના:

૧. માન. મુખ્ય મંત્રીશ્રીનાં ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, (નાંણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન.મંત્રીશ્રી(પંચાયત, ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. માન.રા.ક.મંત્રીશ્રી(ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૭. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૮. અધિક મુખ્ય સચિવશ્રી(નાંણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગર
૧૦. કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned with CamScanner

૧૧. નિયામકશ્રી,(આઇ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૧૨. અધિક કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ(મનરેગા)

૧૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ

૧૪. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તમામ

૧૫. પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇ.સી.ડી.એસ.(જિલ્લા પંચાયત) તમામ

૧૬.સીલેક્ટ ફાઇલ

Scanned with CamScanner